જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૧૧/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૧૮ | ૧૧ | ૧૦૯૨૯ | ૧૭૦૪૭ | ૧૧ | ૧૭૦૫૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૫૫૪ | ૭ | ૪૫૬૧ | ૬૦૭૫ | ૭ | ૬૦૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૬ | ૧ | ૫૭ | ૨૩૪ | ૫ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૭૮૭૯ | ૨૭૧ | ૧૮૧૫૦ | ૧૮૮૭૨ | ૨૮૪ | ૧૯૧૫૬ |
| | કુલ | ૩૩૪૦૭ | ૨૯૦ | ૩૩૬૯૭ | ૪૨૨૨૮ | ૩૦૭ | ૪૨૫૩૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૮ | ૧૧,૨૫,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૭૭ | ૩૧,૭૭,૦૦૦/- |

## ગુમ થયેલ અસ્થિર મગજનુ બાળક મળી આવતા તેના વાલીવારસનો મિલપ કરાવ્યો

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશન**

## તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ અસ્થીર મગજના બાળકના વાલીવારસને શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી **જે.આર.પટેલ** સાહેબ નાઓની સુચના આધારે વન ગાડી ના પોલીસ સ્ટાફના માણસો તથા અન્ય પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ આજરોજ તા.૦૫/૧૨/૨૦૨૦ ના રોજ સવારના ક.૦૮/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ ટીમ વાઇઝ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન વન ગાડીને ક.૨૦/૫૧ વાગ્યાનો કંન્ટ્રોલ નો મેસેજ અત્રે તપાસ અર્થે મળેલ કે કેશ નં-૮૧૪૦૧ સૈજપુર ટાવર ઋષિકેશ હોસ્પીટલ ના ગેટ પાસે ૧૬-વર્ષનુ બાળક મળી આવેલ છે અને જે અસ્થીર મગજનું હોય તેવુ લાગે છે જાણ કરનાર ભરતભાઇ મો.નં-૭૪૩૩૦૫૧૩૧૫ " વિગેરે મેસેજ આધારે સદરી જગ્યાએ જઇ સદરી ગુમ થનાર વ્યક્તિ હોસ્પીટલના આગળ ખુણામાં ઉભેલ હોય અને તેની પાસે મેસેજ કરનાર હાજર હોય તેમજ ગુમ થનારની આજુ-બાજુમાં તપાસ કરતા તેના માતા-પિતા કે કોઇ સગાસબંધી જણાતા ન હોય જેથી સદરી ગુમ થનારની નજીક જઇ તેને તેનું નામ પૂછતા " ખોડો " હોવાનું જણાવેલ અને તેના માતા-પિતા વિશે પૂછતા સદરી ગુમ થનાર ગભરાયેલ હોય જવાબ આપી શકેલ નહી અને રડતો હોય અને અસ્થીર મગજનો હોય તેવુ જણાતુ હોય જેથી મેસેજ કરનારનું નિવેદન મેળવી તેઓને જવા દિધેલ અને ગુમ થનારને સાથે રાખી વન ગાડીમાં બેસાડી ગુમ થનારને વાલ કરી ચા-પાણી નાસતો આપી સાચવેલ અને ગુમ થનાર ને સાથે રાખી તેના માતા-પિતા તેમજ સગા સબંધીની અલગ-અલગ જગ્યાઓએ પૂછપરછ તેમજ એલાઉન્સ કરી જાહેરાત કરતા હતા દરમ્યાન ૨૧/૩૦ વાગ્યાની આસ-પાસ એક ઇસમ યોગેશ શૈલેષભાઇ જાતે પટેલ ઉ.વ.૪૦ ધંધો-પ્રા.નોકરી રહે,શક્તિનગર લાઇન નં-૦૨ આંબેડકરનગર ગુપ્તા ડેરીની બાજુમાં શહેરકોટડા અમદાવાદ શહેર તથા એક બહેન નાઓ વન ગાડી પાસે આવેલ અને સદરી ગુમ થનાર ને ઓળખી પોતાનો ભાઇ ખોડો હોવાનું અને બહેન પોતાનો દિકરો હોવાનું જણાવેલ અને ખોડો બપોરના ક્યાંક ગુમ થઇ ગયેલ જેની શોધ-ખોળ કરતા હતા તેમ જણાવેલ જેથી ગુમ થનારના પરિવાર ની ખરાઇ કરી ગુમ થનારને તેના ઘરે તેના માતા-પિતાને સહીસલામત સોંપી પરિવારના સભ્યોના નિવેદનો મેળવી સારી કામગીરી કરેલ છે તા.૦૫/૧૨/૨૦૨૦

## ગુમ થનાર:

કિરણ ઉર્ફે ખોડો સ/ઓ શૈલેષભાઇ જાતે પટેલ ઉ.વ.૨૬ રહે,શક્તિનગર લાઇન નં-૦૨ આંબેડકરનગર ગુપ્તા ડેરીની બાજુમાં શહેર કોટડા અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

વન ગાડીના પોલીસ સ્ટાફના માણસો એ.એસ.આઇ રમણભાઇ કરશનભાઇ બ.નં-૭૭૫૨ તથા અ.પો.કોન્સ રાજેશ નરસંગભાઇ બ.નં-૧૦૦૨૭ તથા અપો.કોન્સ અનિલકુમાર બાબુભાઇ બ.નં-૯૩૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ, ૧૫૬૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૪/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** રમેશભાઈ મોહનભાઈ કલાક (રહે. કેશવબાગ સોસાયટી પાર્શ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર) એ તા.૦૬/૧૨/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૦ સવારના ૮/૦૦ થી તા.૦૬/૧૨/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, ચાંદીની વસ્તુઓ કિમત રૂપિયા ૪૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ ફોરેન કરંન્સી તથા જ્યુપીટર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**નારોલઃ** મયંકકુમાર સુરેશચંદ્ર શાહ (રહે. નીલકંઠ રેસીડન્સી બાલવાટીકા કાંકરીયા મણીનગર) એ તા.૦૬/૧૨/૨૦૨૦ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૨/૨૦૨૦ સાજના ૭/૩૦ થી તા.૦૬/૧૨/૨૦૨૦ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ શાહવાડી વિવેકાનંદ ઇન્ડસ્ટીયલ એસ્ટેટમાં નેટવેલ એન્ટરપ્રાઇઝ પ્લોટ નં-૧૦,૧૧,૧૨ ખાતે ગોડાઉનના શટર તોડી અજાણી વ્યક્તિ ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૪,૯૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૫/૨૦૨૦**

**સાબરમતીઃ** સાબરમતી ન્યુ રાણીપ ધરતી સાતિક ખાતે પિતાના ઘરે રહેતા પુજાબહેન વા/ઓફ રાકેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-અગવરી તા.આવર જી.ઝાલોર રાજસ્થાન) એ તા.૦૫/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પિતાના ઘરે પ્લાસ્ટીકની બોટલમાંથી ભુલથી પાણી સમજી એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શાહીબાગ ગીરધરનગર ચન્દ્રમણી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૨/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૧૬/૨૦૨૦</u>**

**વટવાઃ** ઉમેશકુમાર સ/ઓ મહેન્દ્રભાઈ નિષાદ (ઉ.વ.૩૫) (રહે. શ્રીરામનગર બચુભાઈના કુવા પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૨/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી